# મનપાની સ્થાયી સમિતિએ ત્રણ કામો નામંજૂર કરી અસ્તિત્વ બતાવ્યુ !!

### મનપાના કે સરકારી કાર્યક્રમો અંગે કાઉન્સીલરોને આમંત્રણ સુદ્ધા ન આપવા અંગે રોષ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં એજન્ડા પરના ૩ જેટલા કામો રદ કરી અને નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરવાના આદેશો આપવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આઈ.સી.સી.યુ.ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સનું એક જ ટેન્ડર આવ્યુ હોવાથી તે રદ કરવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં પિક-અપ સ્ટેન્ડ બનાવવા અંગે કરાયેલ ટેન્ડરને પણ આજે સ્થાયી સમિતિએ રદ કરવાનો નિર્ણય કર્યો છે. સ્થાયી સમિતિએ આ ટેન્ડર બજેટમાં કોઈ જોગવાઈ જ ન હોવાથી આ ટેન્ડર રદ કર્યુ હોવાનું જાણવા મળેલ છે. આ મુદ્દે સારી એવી ચર્ચાઓ થઈ હતી. કેપિટલ વર્કના રજુ કરાયેલ બજેટમાં આવી જોગવાઈ ન હોવાથી સભ્યો મક્કમ રહ્યા હતા.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલી આજની સ્થાયી સમિતિએ ગ્રામ્ય વિસ્તારમાં સફાઈની કામગીરી તેમજ પૂર્વ-પશ્ચિમ વિસ્તારના માર્ગોની સફાઈ માટે એલ.૩ આવેલ એજન્સીને કામ આપવાના બે નિર્ણયોએ શહેરના રાજકારણમાં ચર્ચા જગાવી છે.

મનપા હસ્તકના વ્હીકલપુલ ખાતે વિવિધ ૨૭ નંગ વિવિધ પ્રકારના હેવી તથા મધ્યમ વાહનોની મરામત અને નિભાવણીના કામો અંગેના કામનું ટેન્ડર પણ રદ કરી મરામત માટે અલાયદુ અને નિભાવણી જાળવણીનું ટેન્ડર અલગ-અલગ કરવા માટે સૂચવ્યુ છે. મનપાની આજની સ્થાયી સમિતિની બેઠકમાં કોરોનાના વધતા જતા કેસો અંગે સભ્યોએ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી.

આજની બેઠકમાં મનપાના કે સરકારી કાર્યક્રમો માટે સભ્યોને વિશ્વાસમાં ન લેવાતા હોવા અંગે તેમજ તેમને આમંત્રણ સુદ્ધા પણ નહિ અપાતા હોવાને લઈ સભ્યોએ ઉગ્ર રોષની લાગણી વ્યક્ત કરી હતી.

આજની બેઠકમાં વહીવટીતંત્ર અને ચૂંટાયેલી પાંખ વચ્ચે તનાવ ઘટવાનુ નામ ન લેતુ હોવાનું છતુ થયુ છે. ચૂંટાયેલી પાંખમાં પણ જૂથબંધીનો સંઘર્ષ જામ્યો હોય તેવુ ચિત્ર બહાર આવવા પામ્યુ છે.

સ્થાયી સમિતિની બેઠકમાં આજે એજન્ડા મોટો હોવાથી બેઠક ૪૫ મિનિટથી પણ વધુ ચાલી હતી. જોકે કેટલાક કામો તો ચર્ચા વિના મંજૂર કરી દેવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

### તંત્ર સાત દિવસમાં યોગ્ય ખુલાસા નહિ કરે

# ...તો ઉપવાસ આંદોલનની ચીમકી આપતા વિપક્ષી નેતા

### કાઉન્સીલરોના પ્રશ્નો અંગે તંત્રની ઉદાસીનતા અંગે નાયબ મ્યુનિ. કમિશનર અને અધિકારીઓની બેઠકમાં કાઉન્સીલરોએ તડાફડી બોલાવી



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મનપાની સામાન્ય સભા યોજવા અંગે વારંવાર રજુઆતો પછી પણ તેને ટાળવામાં આવી રહ્યાનું, પ્રોપર્ટી ટેક્ષમાં સર્વે કરનારી એજન્સીના ગોટાળાઓને પગલે લોકોને થતી હેરાનગતિ તેમજ મનપામાં વધતા જતા ભ્રષ્ટાચાર સહિતના ૧૦ થી વધુ મુદ્દાઓ અંગે સાત દિવસમાં યોગ્ય ખુલાસા તંત્ર તરફથી નહિ કરાય તો વિપક્ષના સભ્યો દ્વારા કમિશનરની કચેરી પર ઉપવાસ આંદોલન શરૂ કરવાની ચીમકી આજે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આપી છે.

કાઉન્સીલરોના પ્રશ્નો અંગે આજે ડે. મ્યુનિ. કમિશનર પી.સી. દવેના નેતૃત્વમાં તમામ વિભાગોના અધિકારીઓ સાથે વિપક્ષી કાઉન્સીલરોએ અલાયદી બેઠક કરી અને ઉગ્ર રજુઆતો કરી હતી.

આ બેઠકમાં સામાન્ય સભા બોલાવવાથી શરૂ કરી કમિશનરને લખાયેલા એક પણ પત્રનો જવાબ પણ કાઉન્સીલરોને નહિ આપવાના વણને લઈ સભ્યોએ સારો એવો રોષ ઠાલવ્યો હતો.

મનપામાં ચાલી રહેલા વ્યાપક ભ્રષ્ટાચાર અંગેના અખબારી અહેવાલોને ટાંકી તેમાં તપાસ કરી સાચી હકીકતો લોકો સમક્ષ મુકવામાં આવે તેવી માંગ પણ કોંગી કાઉન્સીલરોએ કરી હતી.

ગ્રામીણ વિસ્તારમાં સફાઈની કામગીરી કોઈપણ પ્રકારની ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના બારોબાર આપવાની વાતને લઈ પણ સભ્યોએ વિરોધી સૂર વ્યક્ત કર્યો હતો. પૂર્વ અને પશ્ચિમ ભાગના માર્ગોની સફાઈ માટે એલ-થ્રી ની પસંદગી કરવામાં તંત્રને કયુ વ્હાલ ઉભરાયુ છે તે અંગે પણ તંત્રને જાહેરમાં ખુલાસો કરવા સભ્યોએ જણાવ્યુ હતુ.

પ્રોપર્ટી ટેક્ષના સર્વેમાં એજન્સીએ કરેલા ગોટાળાઓ તેમજ એક જ પ્રોપર્ટીના બે-બે બિલો મોકલવામાં આવ્યાને લઈ પણ રોષ વ્યક્ત કરતાં સભ્યોએ એજન્સીની ડિપોઝીટ જપ્ત કરવા સહિતની માંગ કરી નાખી હતી.

શહેરમાં ચોમાસુ વિદાય લઈ રહ્યુ છે પણ સફાઈના નામે મીંડુ છે અને નકામો ઘાસચારો પણ જે ઉગી નીકળ્યો છે તેનો નિકાલ કરતો નથી. સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ પણ થતી નથી. તેને લઈ તંત્રનો રીતસરનો ઉધડો એ કાઉન્સીલરોએ લીધો હતો.

સભ્યોને આપવામાં આવેલી ગ્રાન્ટમાંથી સૂચવવામાં આવેલા કામો માટે કાઉન્સીલરોને ટેબલે ટેબલે ફરવુ પડે છે ત્યારે વહીવટીતંત્ર કઈ કામગીરી કરે છે તે સમજાતુ નથી. વિપક્ષી કાઉન્સીલરોના કાર્ય ટલ્લે ચડાવવામાં આવે છે તે વ્યાજબી નથી. કેટલા કામો કરવામાં આવ્યા તેની વિગતો આપવાની માંગ પણ કાઉન્સીલરોએ કરી હતી.

ગાંધીનગર જે રાજયનું પાટનગર છે તે ભુવાનગર બન્યુ છે કારણ કે સ્ટ્રોમ વૉટર પાઈપલાઈનનું કામ જે ગુણવત્તાસભર થવુ જોઈએ અને પૂરણની કામગીરી પણ યોગ્ય રીતે થઈ ન હોવાથી લોકોના જાન-માલને નુકસાનની નોબત આવી હોવાનો ગંભીર આક્ષેપ કરી અને આ બાબતે તપાસ કરી અહેવાલ પર જાહેર ચર્ચા કરવામાં આવે તેવી માંગ કાઉન્સીલરોએ કરી હતી.

# સે-૧૫ માં આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગનુ કામ હવે શરૂ થશે

### આઇ ટી આઇ નુ ૪૦ વર્ષ જુનુ અને કંગાળ બિલ્ડીંગ તોડી નાંખવામાં આવશે :નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત ૩૮ કરોડનો ખર્ચ કરાશે : બગીચા અને પાર્કીંગ સહીતની સુવિધાઓ પણ ઉભી કરાશે

ગાંધીનગર તા ૨૮

સે-૧૫ માં સ્થિત આઈ ટી આઈના ચાર દાયકા જુના બિલ્ડીંગને તોડીને નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે. વર્ષો જુના આ બિલ્ડીંગની હાલત કંગાળ છે. જયારે નવા ચાર મજલાના બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩૮ કરોડનો ખર્ચ કરાશે. આ કાર્યયોજના અન્વયે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

શહેરમાં એકબાજુ સરકારી આવાસો જુના અને જર્જરિત જોવા મળી રહ્યા છે. જુના અને જોખમી આવાસો તોડીને તબક્કાવાર નવા આવાસોના નિર્માણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે છે. પાટનગર હોવાના નાતે સેકટરોમાં અનેકવિધ સરકારી કચેરીઓ પણ સ્થિત છે. જયારે સરકારી કચેરીઓના રીનોવેશન માટે પણ કામગીરી હાથ ધરાય છે. આ ઉપરાંત નવા બિલ્ડીંગો પણ બાંધવામાં આવે છે. નગરમાં સરકારી કચેરીઓને અનુલક્ષીને પણ નવા બિલ્ડીંગો બાંધવા ઉપરાંત શૈક્ષણિક સંકુલોના રીનોવેશન તેમજ નવા મકાનોનુ પણ નિર્માણ કરવામાં આવે છે. શહેરના સે-૧૫ માં સ્થિત આઈ ટી આઈ કચેરીનુ બિલ્ડીંગ પણ વર્ષ ૧૯૮૦-૮૧ ના વર્ષ દરમિયાન બન્યુ હતુ જયારે ચાર દાયકાના અંતે આ બિલ્ડીંગની હાલત અત્યંત ખરાબ છે. જુના અને જર્જરિત બિલ્ડીંગને તોડીને તેના સ્થાને નવુ બિલ્ડીંગ બાંધવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જે અન્વયે સે-૧૫ સ્થિત આર ટી ઓ કચેરીના જુના બિલ્ડીંગને તોડીને નવુ ચાર મજલાનુ મકાન બનાવાશે. જેમાં સ્ટાફરૂમ , કલાસરૂમ, વર્કશોપ રૂમ, ફર્નિચર, ફાયર સેફટી સહીતની સુવિધાઓ ઉભી કરાશે. આ ઉપરાંત આઈ ટી આઈના નવનિર્મિત બિલ્ડીંગને અનુલક્ષીને પાર્કીંગ , કમ્પાઉન્ડ વોલ , બગીચો તેમજ પાણીનો નવો બોર અને સંપ પણ બનાવાશે. આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટેન્ડર આખરી થતા ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. વર્ષો જુના આઈ ટી આઈ બિલ્ડીંગને નવુ , સુવિધાયુક્ત અને અદ્યતન બનાવાશે.

## સે-૧૩ અને ૭માં આવાસોના રીનોવેશનનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૮

શહેરમાં એકબાજુ સરકારી આવાસો જોખમી હાલતમાં છે. વિવિધ કક્ષાના આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક નથી ત્યારે તંત્રના ચોપડે મકાન માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આ સ્થિતિમાં સેકટરોમાં તબક્કાવાર જુદી જુદી કક્ષાના સરકારી આવાસોનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવે છે. સે-૧૩ અને સ-૭ માં જ અને ચ-૧ કક્ષાના આવાસોનુ ટુંકમાં રીનોવેશન હાથ ધરાશે.

**જ અને ચ-૧ કક્ષાના આવાસોનુ મજબુતીકરણ કરાશે : તબક્કાવાર અન્ય મકાનો પણ રીનોવેશન હેઠળ આવરી લેવાશે**

શહેરમાં એકબાજુ જોખમી મકાનો તોડી નાંખવામાં આવે છે. જયારે જુના અને જર્જિરત આવાસોનો નિકાલ કરી જગ્યા ખુલ્લી થાય ત્યાં નવા આવાસોનુ પણ નિર્માણ કરવામાં આવે છે. એક દાયકા અગાઉ શહેરમાં આવાસેના રીનોવેશનની કામગીરી પણ પુરજોશમાં ચાલતી હતી જયારે હાલ જોખમી આવાસોને બાદ કરતા જરૂરી હોય તેવા જુદી જુદી કેટેગરીના મકાનો રીનોવેશન હેઠળ આવરી લેવા માટે પણ તબક્કાવાર કામગીરી કરવામાં આવે છે. શહેરમાં જોખમી આવાસોનો ચિતાર મેળવવા માટે થોડા સમય અગાઉ પણ સર્વે કરવામાં આવ્યો હતો. જયારે આ પૈકી જોખમી આવાસોને પણ વિવિધ કેટેગરીમાં તારવીને જુના અને જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર તંત્ર દ્વારા વિભાગ કક્ષાએથી મંજુરી પણ મેળવવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરના સેકટરોમાં સ્થિત

● અનુસંધાન પાન-૭ પર



આંદોલન - કોરોના કાળમાં સામુહિક દેખાવોનું પ્રથમ આંદોલન આજે પાટનગરમાં થયું હતું... કોંગ્રેસ દ્વારા કૃષિ બીલના વિરુદ્ધમાં યોજાયેલ દેખાવોમાં ઠીક - ઠીક પ્રમાણમાં કાર્યકરો ઉમટ્યા હતા... પરંતુ મૂળ વાત આવા કપરા કોરોના કાળમાં પ્રથમ વખત આટલો સમુહ એક સાથે જોવાનો ગાંધીનગરને લ્હાવો મળ્યો હતો...

# શહેરમાં વધુ ૧૮ કોરોનાના કેસ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૮ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૨૭૭ પર પહોંચી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે કોરોનાએ દેખા દેતાં તંત્રની ચિંતા વધી છે. આજે ધોળાકુવામાંથી બે તો આદિવાડામાંથી એક કેસ મળી આવ્યો છે.

**સે. ૪ માં ૪, ધોળાકુવામાં ૨, સે. ૩ માં ૩, સે. ૨ માં ૨ ઉપરાંત સે. ૩૦, આદિવાડા, સે. ૨૪, સે. ૫, સે. ૨૧, સે. ૨૫ અને સે. ૨૯ માંથી કેસો મળી આવ્યા : ૧૪નો ડિસ્ચાર્જ કરાયા**

શહેરમાં વધતા જતા કેસો કોરોનાના ત્રીજા તબક્કામાં પ્રવેશી ચુક્યાનો સ્પષ્ટ સંદેશ આપી રહેલ છે પરંતુ તંત્ર દ્વારા હજુ આ અંગે કોઈ સત્તાવાર રીતે સ્વીકાર કરવામાં આવતો નથી. કોરોનાના વધતા જતા સંક્રમણને કારણે તંત્રની કામગીરી પણ સતત વધી રહી છે.

સે. ૩૦ માં રહીને અભ્યાસ કરતા ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ધોળાકુવા ગામેથી આજે બે કેસ મળ્યા છે. ધોળાકુવા ગામમાં કોરોનાએ તેની પુનઃ હાજરી નોંધાવી છે. આજે ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જોકે વૃદ્ધાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## સરકાર કહે છે ગ્રામીણ વિસ્તારમાં ૨૨ તો જિલ્લા તંત્ર કહે છે માત્ર ૧૩ લોકો જ સંક્રમિત થયા છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સરકાર ૨૨ કહે છે પણ તંત્રએ જેણે આંકડાઓ છુપાવવાનું બીડુ ઝડપ્યુ હોય તેમ આજે માત્ર ૧૩ કેસ નોંધાયા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

રાજય સરકાર અને તંત્ર વચ્ચે ચાલી રહેલી વિસંગતતા એ લોકમાનસમાં અનેક શંકા-કુશંકાના બીજનું રોપણ કર્યુ છે. તંત્ર દ્વારા કેસ છુપાવીને પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું નાટક રચવાની વાતને લઈ લોકોમાં ભયની લાગણી વધી રહી છે.

**ગાંધીનગરમાં ૪, કલોલમાં ૫, માણસા અને દહેગામમાં ૨-૨ કેસ : ૨૦ દર્દીઓ ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર જિલ્લામાં જે ૧૩ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૪, દહેગામમાં ૨, માણસામાં ૨ અને કલોલમાં ૫ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આજે બે કેસ નોંધાયા છે. જેમાં ૨૭ વર્ષના યુવાનનો તેમજ ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

પેથાપુરમાંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ખોરજ ગામે ખાનગી નોકરી કરતા ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. આ બન્ને દર્દી ૬૦-૬૦ વર્ષની આયુ ધરાવતા હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કલોલમાં વધુ બે નાયબ મામલતદાર કોરોનાથી સંક્રમિત થયા : માણસા તા.પં.માં વિસ્તરણ અધિકારી સંક્રમિત થયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકા મામલતદાર ઓફિસમાં વધુ ૪ ને આજે કોરોના પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ગાંધીનગર મામલતદાર ઓફિસમાં પણ એ.ટી.વી.ટી.નો ઓપરેટર પોઝીટીવ આવ્યો છે. તો માણસા તાલુકા પંચાયતમાં વિસ્તરણ અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના સંક્રમણના કેસો સતત વધી રહ્યા છે. આજે કલોલમાં વધુ બે નાયબ મામલતદાર પ્રવિણભાઈ પરમાર અને નાગરજી ઠાકોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોમ્પ્યુટર ઓપરેટર કૌશલનો રિપોર્ટ તેમજ ગઈકાલે પોઝીટીવ આવેલ ના. મામલતદારના મદદનીશ તરીકે સેવાઓ આપતા પાટીલનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર


**ભાવભીની અંજલિ**



સ્વ. અનિલ પંડ્યા

સ્વર્ગવાસ ૨૮-૦૯-૨૦૨૦

જલ કમલ વત એવા પ્રિય મિત્ર
અનિલ પંડ્યાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ
આપની અણધારી વિદાયથી શોકમગ્ન અમે સૌ છીએ.
પરમાત્મા દિવંગત આત્માને
પરમશાંતિ આપે એવી પ્રાર્થના

તરવૈયા ટોળું
સેક્ટર-૧૯ જિમખાના
સ્વિમિંગ પૂલના સૌ મિત્રો

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com